દાખલ થયા તારીખ : ૨૦–૦૪–૨૦૨૦
રજી.લીધા તારીખ : ૨૦–૦૪–૨૦૨૦
ફેસલ થયા તારીખ :૧૯–૦૬–૨૦૨૬
સમયગાળો :–વ. , મા. , દિ.

**અરવલ્રી જીલ્રાના મે.જુવેનાઈલ જસ્ટીશ બોર્ડ સમક્ષ મું.મોડાસા.**
**જી. અરવલ્લી.**

==========================================

JUVE C.C.NO. **18 /2020**
આંક:

**ફરીયાદી:–** શ્રી સ ર કા ર.

**વિ રૂ દ્ધ**

**કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર :**–મગન (જુવેનાઈલની ઓલખ ગુપ્ત રાખવા ડમી નામ આપેલ છે.)

**ગુન્હો:–**ઈ.પી.કો.કલમ :૩૫૪(એ) તથા પોકસો એકટની કલમ: ૧૨ મુજબ.

=====================================
ફરીયાદપક્ષે વિધ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી આર.એચ.જુરાણી
કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તરફે વિધ્વાન વકીલ જી.એમ.પ્રણામી
=====================================

**// ઠ રા વ //**

(૧) ફરીયાદ પક્ષના કેસની સંક્ષિપ્તમાં હકીકત એવી છે કે,કોલમ નં.૧ માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે તા. ૨૫/૦૨/૨૦૨૦ ના રોજ ક. ૧૮–૦૦ વાગે મોજે મઠ બોલુન્દ્રા ગામની સીમમાં આવેલ સુભાષગીરી જમનાગીરી ગોસ્વામી રહે. મઠ બોલુન્દ્રા વાળાના ઘઉંના વાવેતરવાળા ખેતરમાં આ કામના ફરી.ની સગીરવયની દિકરી દામિનીબેન,ઉ.વ.૧૩ વર્ષ ૧ માસ ૧૩ દિવસ વાળી ઉપર અવાર–નવાર નજર રાખી તેની એકલતાનો લાભ લઈ આબરૂ લેવાના ઈરાદે નીચે પાડી દેતાં દામિનીએ બુમાબુમ કરી કાં.સ.કી. ના હાથમાંથી છટકી જતાં કાં.સ.કી. નાસી જઈ ઈ.પી. કો. કલમ:૩૫૩(એ) તથા પોકસો એકટની કલમ:૧૨ મુજબના ગુનાની ભિલોડા પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૨૦૦૦૫૭/૨૦૨૦ , તારીખ: ૨૫–૦૨–૨૦૨૦ ના રોજ નોંધી લઈ તપાસના અંતે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં તપાસનીસે મોડાસા બાળ અદાલત બોર્ડમાં રીપોર્ટ કરવામાં આવેલ .

(૨) કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરને સમન્સ આધારે તેઓના વાલી સાથે બોર્ડ સમક્ષ હાજર થતાં, સૌ પ્રથમ ક્રિ.પ્રો.કોડની કલમ:૨૦૭ મુજબ કાયદા ના સંઘર્ષમાં આવેલ કિશોરને તપાસના તમામ પેપર્સની નકલ મળી ગયાની ખાત્રી કર્યા બાદ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સામે તહોમતનામુ ફરમાવી આંક: ૦૩ હેઠળ નિવેદન લીધેલ છે જેમાં કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરેએ ગુન્હાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષ તરફે કેસમાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફે તેમનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો.</u>**

(૧) આંક:૦૬ જેસીંગભાઈ કચરાભાઈ પગી–ફરીયાદી

(૨) આંક:૧૦ કુલીબેન તે જેસીંગભાઈ કચરાભાઈ પગીના પત્ની–સાહેદ

(૩) આંક:૨૩ જેસીંગભાઈ ગલાભાઈ પગી–પંચ સાહેદ

(૪) આંક:૩૦ ભોગ બનનાર

(૫) આંક: ૩૪ મુકેશભાઈ જીવાભાઈ મારીવાડ–સાહેદ

(૬) આંક:૩૫ આરતીબેન શૈલેશભાઈ પંચોલીના પત્ની– સાહેદ

(૭) આંક:૩૯ બાબુભાઈ ઘુળાભાઈ મારીવાડ– સાહેદ (હોસ્ટાઈલ)

(૮) આંક:૪૦ પ્રતાપભાઈ જેઠાભાઈ પગી– સાહેદ (હોસ્ટાઈલ)

(૯) આંક:૪૩ સુનીલભાઈ નાગરભાઈ–ત.ક.અ.

(૧૦) આંક:૪૪ મનિષકુમાર ગભિરભાઈ વસાવા–ત.ક.અ

**<u>દસ્તાવેજી પુરાવો.</u>**

(૧) આંક:૦૭ થી ફરીયાદ

(૨) આંક:૨૪ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ

(૩) આંક: ૩૧ થી ક.૧૬૪ નુ નિવેદન

(૪) આંક: ૪૫ થી ભોગ બનનારનો જન્મતારીખનો દાખલો

(૫) આંક: ૪૬ થી હાઈસ્કુલનું એલ.સી

(૬) આંક: ૪૭ થી મેડીકલ સર્ટીફીકેટ

(૪) ફરીયાદ પક્ષ તરફે આ સિવાય વઘુ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી ત્યારબાદ કાયદાના સંઘર્ષમાં કિશોરનું ક્રિ.પ્રો.કોડની કલમ: ૩૧૩ મુજબ વિષેશ નિવેદન નોંધવા જેટલો પુરાવો હોઈ વિષેશ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં ફરીયાદ પક્ષનો પુરાવો તેમના રુબરુ, દેખતાં ને સાંભળતાં લેવામાં આવેલ હોવાનો સ્વીકાર કરી, બાકીના પ્રશ્નોનો ઈન્કાર કરી, બચાવના સાહેદો તપાસવા નથી તેમજ પોતે જુબાની આપવી નથી તેમ જાહેર કરી વિષેશમાં

ફરીયાદીએ તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.ત્યારબાદ દલીલના તબકકે બંને પક્ષની દલીલો સાંભળી.

(૫) ઉપરોકત હકીકતોએ નીચે મુજબના મુદ્દા મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,કોલમ નં.૧ માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે તા. ૨૫/૦૨/૨૦૨૦ ના રોજ ક. ૧૮–૦૦ વાગે મોજે મઠ બોલુન્દ્રા ગામની સીમમાં આવેલ સુભાષગીરી જમનાગીરી ગોસ્વામી રહે. મઠ બોલુન્દ્રા વાળાના ઘઉંના વાવેતરવાળા ખેતરમાં આ કામના ફરી.ની સગીરવયની દિકરી દામિનીબેન,ઉ.વ.૧૩ વર્ષ ૧ માસ ૧૩ દિવસ વાળી ઉપર અવાર–નવાર નજર રાખી તેની એકલતાનો લાભ લઈ આબરૂ લેવાના ઈરાદે નીચે પાડી દેતાં દામિનીએ બુમાબુમ કરી કાં.સ.કી. ના હાથમાંથી છટકી જતાં કાં.સ.કી. નાસી જઈ ઈ.પી. કો. કલમ:૩૫૩(એ) તથા પોકસો એકટની કલમ:૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આ બાળ અદાલતની હકુમત માં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**<u>મુદ્દા નં. ૧ :–</u>**

(૭) સૌ પ્રથમ સદર કેસનુ તમામ રેકર્ડ તપાસતા અને ધ્યાને વંચાણે લેતાં આ કામના ફરીયાદી જેસીંગભાઈ કચરાભાઈ પગીને આંક–૦૬ થી સોગંદ ઉપર મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા છે.તેઓએ પુરાવો આપી પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,તેમના પરીવારમાં તેમની પત્ની તથા બે દીકરી અને એક દીકરો છે. મોટી દીકરીનું નામ આરતીબેન અને નાની દામીની છે અને છોકરાનું નામ ગૌરવ છે. તેમની દીકરી દામીની ઉંકર ૧૪ વર્ષ છે. બનાવ તા.૨૫–૨–૨૦૨૦ ના રોજ બનેલો.બનાવ સમયે તેઓ કામે ગયેલ હતા. બનાવ આ દિવસે સાંજે ૬ વાગે બનેલ. તે દિવસે તેમની પત્નીનો તેમના પર ફો આવેલો. તમે કયાં છો? તેમને કહેલ કે,તેઓ કામ પર છે. ત્યારે તેમની પત્નીએ ફોન પર જણાવેલ કે,તેમની દીકરી દામીની ચીકુડી વાઢવા ખેતરમાં ગયેલ હતી. ત્યારે તેમના ગામનો વિપુલ સોમાભાઈ મારીવાડ તેમની દીકરીને પકડીને ઘઉંના ખેતરમાં નીચે પાડી આબરૂ લેવાના ઈરાદે છેડતી કરેલી.ત્યારે તેમની દીકરી જુંટાઈને તયાંથી જતી રહેલ અને રસ્તામાં મુકેશભાઈ આવતા હતા. તેમની પાસે જતી રહેલી.તે મુકેશભાઈ તેમની દીકરીને તેમના ઘરે લઈને આવેલા.તેમને ગામવાળા બે વડીલોને પુછેલું.કાયદેસર કરવા કહેતા તેઓ ભીલોડા તેઓ અને તેમની પત્ની અને તેમની દીકરી દામીની જઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી.જે ફરીયાદીમાં તેમની સહી છે. તેમજ કાં.સ.કી.ને તેઓ ઓળખી બતાવે છે.

બાદમાં કા.સ.કી.ના વિ.વકીલશ્રીએ ફરીયાદીની ઉલટતપાસ લીધેલ છે. તેમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદર બનાવ શીયાળાની આસપાસ બનેલ. તેમજ શીયાળાના સમયમાં ૬ વાગે અંધારુ થાય છે. તેમજ બનાવ વાળી જગયાની બાજુમાં મહાદેવનું મંદીર આવેલું છે અને સવારે અને સાંજે આરતીના સમયે ઘણા બધા

માણસો આવે છે. તેમજ બનાવવાળી જગયા રસ્તો છે સાહેદ સ્વેચછાએ જણાવે છે કે કાસકીને જવા માટે એ રસ્તો નથી. તેમજ આ કામે મેં ભાડે લીધેલ ખેતરનો કોઈપણ દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમની પાસે દસ્તાવેજ છે.તેમજ અસ્વીકાર કરેલ કે બનાવના દીવસે ભોગબનનાર ખેતરમાં ચીકુડી વાઢવા ગયેલ ન હતી. તેમજ મુકેશભાઈ જીવાભાઈ મારીવાડ તેઓના સંબંધી થાય છે.તેમજ સુભાષભાઈ ગોસ્વામી તેઓના ગામના છે.તેમજ સુભાષભાઈના ખેતરની આગળ પાછળ ઘણાબધા ખેતર આવેલા છે.તેમજ બનાવના દિવસે તેઓ ઘરે હતો નહી.તેમજ બનાવ સમયે શિયાળો હોય,ખેતીની સિઝન હતી. તેમજ તેમની મોટી દીકરીનુ નામ આરતી છે. તેમજ તેમની મોટી દીકરી આરતી બનાવના પાંચેક વર્ષ અગાઉ કંથારીયા ગામના કોઈ આદીવાસી છોકરા સાથે જતી રહેલી. તેમજ બનાવ કઈ રીતે થયેલો તે તેઓએ જાત કહી શકુ નહી.બીજી બધી હકીકતોનો ઈન્કાર કરેલ.

(૮) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે આંક–૧૦ થી સા.કુલીબેન તે જેસીંગભાઈ કચરાભાઈ પગીના પત્નીન સોગંદ ઉપર મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા છે.તેઓએ પુરાવો આપી પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,તેઓના પરીવારમાં તેમના પતી જેસીંગભાઈ તથા સંતાનમા એદ દીકરો અને બે દીકરીઓ છે. જેમા સૌથી મોટી દીકરી આરતીબેન છે. જેને તોરડા ગામે પરણાવેલ છે. તેનાથી નાની દીકરી દામીની અને તેનાથી નાનો દીકરો ગૌરવ છે. બનાવ સમયે તેમની દીકરી દામીની ધોરણ૮માઅભ્યાસ કરતી હતી. તેમના પતી કડીયાકામ કરે છે.બનાવ આજથી આશરે બે વર્ષ અગાઉ બનેલો. બનાવના દીવસે તેમની દીકરી દામીનીને શાળામાંથી છૂટયા બાદ તેમને આશરે છ એક વાગે ખેતરમાં ચિકુડી(ઘાસ)વાઢવા માટે મોકલેલ અને તેઓ દુધ કાઢીને ખેતરે આવુ છુ તેવુ જણાવેલ. તેમની દીકરી દામીની ખેતરમા હતી તે વખતે તેમના ગામનો વિપુલભાઈ સોમાભાઈ મારીવાડ તે આવી ગયેલો અને તેમની

દીકરીને પકડીને નીચે પાડી દીધેલ અને તેનો ઈરાદો તેમની દીકરીને છેડતી કરવાનો હતો.ત્યારબાદ તેમની દીકરીએ થકકો મારી, તેને બાજુ ખસેડીને ભાગી ગયેલ.ત્યારબાદ તેમની દીકરી શેઢા ઉપર ઉભી રહી રડતી હતી ત્યારે તેમના ગામના મુકેશભાઈ જીવાભાઈ મારીવાડનાઓ ત્યા આવતા, તેઓ તેમની દીકરીને લઈને તેઓના ઘરે આવેલા અને ઘરે આવ્યા પછી તેમની દીકરીએ બનાવ અંગેની તેમને જાણ કરેલી.ત્યારબાદ તેઓ વિપુલના દાદાના ઘરે ગયેલ અની જયા જતા તેમને વિપુલનો મોટો ભાઈ કોશિક સોમાભાઈનાઓ મળેલ અને તેઓએ તેને ઉપરોકત બનાવ બાબતની જાણ કરેલી. જેથી તેને તેઓ ને જણાવેલ કે તમારે તેઓના ભાઈ સાથે જે કરવુ હોય,તે કરીલો. ત્યારબાદ તેમને તેમના પતિને ફોન કરીને બનાવ અંગેની જાણ કરેલી. ત્યારબાદ તેઓના પતિ ઘરે આવતા,તેઓ ફરીયાદ આવવા માટે ભિલોડા પો.સ્ટે.ગયેલા. બનાવ અંગેની ફરીયાદ તેઓના પતિએ ભિલોડા પો.સ્ટે. આપેલ. જે ફરીયાદના અનુસંધાનમા પોલીસે તેઓનો જવાબ લીધેલો. કાસકીને તેઓ ઓળખી બતાવે છે. જે આજરોજ નામદાર બોર્ડ સમક્ષ આવેલ છે.

બાદમાં કા.સ.કી.ના વિ.વકીલશ્રીએ ફરીયાદીની ઉલટતપાસ લીધેલ છે.તેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેઓના ગામ ખાતે મહાદવેજીનુ મંદીર આવેલ છે. તેમજ મહાદેવજી મંદીર રોડ ખાતે તેઓનું કોઈ ખેતર આવેલ નથી. તેમજ બનાવ સમયે શિયાળો હતો.તેમજ મહાદેવજી મંદીર ખાતે સવાર સાંજ આરતી થાય છે. તેમજ આરતીના સમયે સવારે અને સાંજે ઘણાબધા માણસો ભેગા થાય છે. તેમજ મહાદેવ મંદીર જવા માટે રસ્તો છે. તેમજ મુકેશભાઈ જીવાભાઈ મારીવાડ તેમના સંબંધી થાય છે.તેમજ તેમના પતિ સાથે ફરીયાદ આપ્યા પછી તેમને પો.સ્ટે.જવાનુ થયેલ નથી.એ તેમજ ફરીયાદ આપ્યા પછી તેમને પોલીસ સાથે મળવાનુ થયેલ નથી. મુકેશભાઈ જીવાભાઈ મારીવાડા તેમના મામાનો દીકરો થાય છે. તેમજ કોઈપણ વ્યકતીને ધકકો

મારવામા આવે તો તેને ઈજા થાય. તેમજ તેમની દીકરીને ઈજા નથી થઈ. સાહેદ સ્વચ્છાએ જણાવે છે તેમની દીકરીને ભીણા પાણીમા પાડી દીધેલી હતી. તેમજ તેમના ગામની જમીન પથરાળ જમીન છે. તેમજ બનાવ સમયે તેઓ સ્થળ પર ગયેલ નથી. તેમજ બનાવ સમયે તેઓ ઘરે હતી. તેમજ બનાવના ત્રણેક વર્ષ તેમને તથા તેમના કાકાના દીકરા રગાભાઈ પગી સાથે મારામારી થયેલ અને તેના સામસામે કેસો પણ થયેલા.તેમજ કાસકી વિપુલના પપ્પા સોમાભાઈ સામાવાળા સાથે હતા. તેમજ ત્યારથી જ તેમને દુશ્મનાવટ ચાલે છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૯) વધુમાં સદર કામે આંક–૨૩ થી પંચ સાહેદ જેસીંગભાઈ ગલાભાઈ પગીને સોગંદ ઉપર પુરાવો આપી જણાવેલ છે કે આજથી આશરે ત્રણેક વર્ષ અગાઉ તેમના ગામના મઠ બોલુનદ્રા ગામની સીમમાં ટાકાટુકા તરફ જતા ડાબી બાજુ તરફ આવેલા સુભાષગીરી જમનાગીરી ગોસ્વામી રહે. મઠ બોલુન્દ્રાના ખેતરમાં તેઓને પોલીસે બોલાતા ત્યાં આગળ ગયેલા. તે સમયે ત્યાં ભિલોડા પોલીસના માણસો તેમજ જેસીંગભાઈ કચરાભાઈ પગીનાઓ પણ ત્યાં હાજર હતા અને તે સમયે તેમની સાથેના બીના પંચ સનમભાઈ બાબુભાઈ મારીવાડ

રહે. મઠ બોલુનદ્રા નાઓ પણ તયાં હાજર હતા. સદરહું ગુન્હાવાળી જગ્યા મઠ બોલુનદ્રા ગામની સીમમાં મઠ બોલુનદ્રા ગામની સીમમાં ટાકાટુકા તરફ જતા ડાબી બાજુ તરફ આવેલા સુભાષગીરી જમનાગીરી ચોસ્વામીના ખેતરમાં આવેલ હતી. તે ખેતરમાં પશુઓ માટે ઘાસચારો વાવેલો હતો. સદરહું ખેતરમાં પીયત કરેલ હોય માટી ભીની હતી અને ખેતરમાં વાવેલ વાવેતર નીચે જમીન પર આડુ પડી ગયેલ હતુ.સદરહું જગ્યાએ તેમજ આજુબાજુ ખેતરમાં ઘઉંના વાવેતર કરેલ હતું.
વિગેરે મતલબનું વિગતવારનું પંચનામુ પોલીસે તેમની હાજરીમાં તેમના લખાવ્યા મુજબનું લખેલું અને ત્યારબાદ તેમને તેમાં સહી કરેલી.તેમને તા. ૨૬/૦૨/૨૦૨૦ ના રોજનું

અસલ પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં.૧ તરીકે કરેલ સહી તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક:૨૪ આપવામાં આવે છે. બાદમાં કા.સ.કી.ના વિ.વકીલશ્રીએ સાહેદની ઉલટતપાસ લીધેલ છ. તેમાં સદર સાહેદ

એ હકીકતનો સ્વીકાર કરેલ છ કેપઆ કામના ફરીયાદી તેમના સાઢુભાઈ થાય છે. તેઓ બંન્ને એકજ ગામના છે.તેમજ સુભાષગીરી જમનાગીરી ગોસ્વામીના ખેતરથી તેઓ પરીચીત છે.તેમજ આ ખેતરની સામે મહાદેવનું મંદિર આવેલુ છે.આ મંદિરમાં સવાર–સાંજ આરતી થાય છે. અને ગામના માણસો સવાર સાં જઆરપી કરવા જાય છે. તેમજ ભુંડ કોઈ ખેરતમાં આવે તો પાક આડો પાડી શકે છે. તેમજ કહેવાતા બનાવના સમથેશિયાળાનો સમય હતો. આમ સદરહુ પં ચ સાહેદનો સમગ્ર પુરાવો જોતા આંક– લગતનુ પંચનામુ પંચ સાહેદના જણાવ્યા મુજબ લખવામાં અવોલ હોય તેવું ફલીત થતુ નથી અને તેઓએ માત્ર સહી કરેલ હોવાનુ ફલીત થાય છે જેથી આંક–૨૩ લગતના પંચનામાની હકીકતોને સદરહુ સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી.

(૧૦) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે આંક–૩૦ થી ભોગ બનનારને સોગંદ ઉપર મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા છે.તેઓએ પુરાવો આપી પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, તેમના પરિવારમા તેમના માતા–પિતા તેમજ તેઓ બે બહેનો અને એક ભાઇ છીએ. બનાવ સમયે તેઓ ધો.૮ મા મઠ બોલુંદ્રા ગામે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી હતી. તેમની જન્મ તારીખ ૧૩–૦૧–૨૦૦૭ ની છે.બનાવ આજથી આશરે પાંચ વર્ષ અગાઉ બનેલો અને ચોક્કસ તારીખ તે મને હાલમાં યાદ નથી. બનાવ દિવસે તેઓ શાળાએથી ઘરે આવેલી. તે સમયે તેમની માતા દુધ કાઢતી હતી અને તેને તેમને જણાવેલ કે, ખેતરમાં જઇને ઘાસ કાપ તેટલામા તેઓ ખેતરે આવુ છુ. જેથી તેઓ ખેતર તરફ એકલી જતી હતી. તે દરમિયાન તેમના ગામના સુભાષભાઈ ગૌસ્વામીના ઘઉંના વાવેતર વાળા ખેતર પાસેથી જતી હતી તે દરમિયાન તેમના ગામનો મારીવાડ

વિપુલભાઇ સોમાભાઇ જેનુ બીજુ નામ પીકેશ છે. તે પાછળથી અવેલો અને તેમને પકડી પાડી ઘઉંના ખેતરમા નિચે પાડી દિધેલ અને તેમને ગળાના ભાગે તેને પકડેલ હતી. ત્યાર બાદ તેમને તેમના થી બનતો પ્રયત્ન કરી તેનાથી છટકીને તેમના મમ્મિના મામાના દિકરા મુકેશભાઇ જીવાભાઇ મારીવાડ નાઓ આવતા હોઇ તેઓ તેમની પાસે જતી રહેલ. આ મુકેશભાઇ નાઓએ તેમને ઘરે મુકવા માટે આવેલા અને ઘરે ગયા બાદ તેમના પપ્પાને ફોન કરીને તેમના ઘરે બોલાવેલા. તેઓના પિતા ઘરે આવતા તેમને બનાવ બાબતની તેઓને કરેલી.બનાવ બાબતે તેઓના પિતા જેશીંગભાઇ કચરાભાઇ પગી નાઓએ ભિલોડા પો.સ્ટેમા ફરીયાદ આપેલી. જે ફરીયાદના અનુસંધાને પોલીસે તેમનો જવાબ લિધેલો.ત્યાર બાદ ભિલોડા પોલીસ તેમને બાયડ કોર્ટમા તેમને લઇ ગયેલ. જ્યા તેમની પુંપરછ કરવમાં આવેલી. તેમને તા.૨૯–૦૨–૨૦૨૦ ના સી.આર.પી.સી.ની કલમ–૧૬૪ મુજબનુ અસલ નિવેદન બતાવવામા આવે છે. તેમા તેમની સહીઓ છે. જેને તેઓ ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ છે. આંક ૩૧ આપવામા આવે છે. કા.સ.કી ને તેઓ ઓળખુ છુ. જે આજ રોજ નામ.બોર્ડ સમક્ષ હાજર

બાદમાં કા.સ.કી.ના વિ.વકીલશ્રીએ ભોગબનનારની ઉલટતપાસ લીધેલ છે. તેમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના ઘરથી સ્કુલ આશરે એક કી.મી જેટલી દુર છે. તેમજ બનાવ દિવસે કયી વાર હતો એ તેમને ખબર નથી. તેમજ તેમની સ્કુલ સાંજના પાંચ પંદરે છુટે.તેમજ તેઓ ચાલતા ચાલતા સ્કુલમા જતા આવતા હોઇએ છીએ.તેમજ સ્કુલથી ઘેર આવતા લગભગ અળધો પોણો કલાક થાય છે. તેમજ તેમના પપ્પાની ખેતીની જમીન આવેલી છે. તે જમીન બીજી સાઇડ આવેલી છે.તેમજ તેમના પપ્પાની જમીન સુભાષભાઇના ખેતર પાસે આવેલી નથી. સાહેદ જણાવે છે કે ત્યા જમીન ગીરવે રાખેલી છે. તેમજ સુભાશભાઈના ખેતર તરફ જવા માટે પગવાટ આવેલી છે. તેમજ એ ખેતરની જોડે મંદિર આવેલુ છે. તેમજ મંદિરમા સવાર સાંજ

આરતી થાય છે. તેમજ સુભાશભાઇના ખેતરની આજુબાજુ બિજા ઘણા બધા ખેતરો આવેલા છે. તેમજ આ છાપરાઓમા સવાર સાંજ દુધ કાઢવા માટે માણસો પણ હોઇ છે.તેમજ સાંજના સમયે ગામના માણસો દુધ લઇને ડેરીમા દુધ ભરાવવા માટે જાય છે. તેમજ મુકેશભાઇ જીવાભાઇ નુ ખેતર સુભાષભાઇના ખેતરની તરફ આવેલુ નથી. તેમજ બનાવ વખતે શિયાળાનો સમય હતો. તેમજ શિયાળામા સાડા પાંચ છ વાગે અંધારૂ થઇ જાય છે. તેમજ રઘાભાઇ શીવાભાઇ તેમના કુટુંબી થાય છે. તેમજ અગાઉ રઘાભાઇ શિવાભાઇ અને તેમના પિતા વચ્ચે સામસામી ફરીયાદો થયેલ છે. તેમજ સુભાષભાઇના નજીકનુ ખેતર તેમના પિતાએ ગીરવે લિઘેલ હોવાની હકીકત તેમના પોલીસ રૂબરૂ નિવેદનમા લખાવેલ નથી. તેમજ પગદંડી વાળો રસ્તો કઠન જમીન વાળો રસ્તો છે. તેમજ એક ખેતર છોડીને સુભાષભાઈ ના ખેતરે જવાઈ. તેમજ સુભાષભાઈ નું ખેતર તેમને પહેલેથી જોયેલ છે. તેમજ કા.સ.કી. તેમના ગામનો હોઇ તેઓ અગાઉથી તેને ઓળખ છું. તેમજ કા.સ.કી નાઓએ તેમને ગળાના ભાગે પકડીને પાડી દિધેલ " હોવાની હકીકત પોલીસ રૂબરૂ ના નિવેદનમાં જણાવેલ નથી. તેમજ તેમને ગળાના ભાગે અથવા તો શરીરમા કોઇ પણ ભાગે ઈજા થયેલ ન હતી. તેમજ તેમને જ્યારે બાયડ કોર્ટમા લઇ ગયેલ ત્યારે ભિલોડા પો.સ્ટે માથી મહિલા પોલીસ તેમની સાથે આવેલી. તેમજ કોર્ટમા આપેલ નિવેદનમાં સાહેબે સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. તેમાં શુ લખેલ તે મને ખબર નથી.જ્યારે બીજી હકીકતો ઈન્કાર કરેલ.

(૧૧) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે આંક–૩૪ થી સા.મુકેશભાઈ જીવાભાઈ મારીવાડને તથા આંક:૩૫ થી સા.આરતીબેન તે શૈલેશભાઈ માઘાભાઈ પંચોલીના પત્નીને સોગંદ ઉપર મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા છે.સદર બંન્ને સાહેદો લગભગ

એકજ સરખી સોગદ પર જુબાનીઓ આપતા હોય વારંવાર અલગ અલગ રીતે જુબાનીઓનુ પુનરાવર્તન કરવાનુ ટાળવાના આશયથી ઉપરોકત તમામ સાહેદોની એકીસાથે ભેગી ચર્ચા કરવામાં આવેલ છે.સદર તમામ સાહેદો પોતપોતાની સોગદ પરની સરતપાસમાં જણાવેલ છે કે,બનાવ સને ૨૦૨૦ માં બનેલો.ચોકકસ તારીખ તેમને હાલમાં યાદ નથી. બનાવ દિવસે તેઓ સાંજે છ વાગ્યે તેમના ખેતરમાંથી દુધ ભરાવા માટે ડેરી તરફ જતા હતા. તે દરમ્યાન ભોગ બનનાર રસ્તામાં ઉભી હતી અને રડતી હતી. તે સમયે ભોગબનનારે તેમને તેના ઘરે મુકવા જણાવતાં તેઓ તેના ઘરે મુકવા માટે ગયેલા. ઘરે ગયા બાદ ભોગબનનારે તેઓને જણાવેલ કે'' તેઓ ચીકુઢી વાઢ વા માટે ખેતરે ગયેલ. તે દરમ્યાન તેમના ગામના સુભાષભાઈ ગોસ્વામીના ખેતર નજીક જતી હતી તે વખતે તેમના ગામનો વિપુલ સોમાભાઈ મારીવાડ જેનું બીજુ નામ ટિકો છે. તે આવેલો અને આ છોકરો તેમને હેરાન પરેશાન કરતો હતો અને તેમને ખેંચતો હતો. જેથી તેઓ છટકીને રસ્તા ઉપર આવી ગયેલ.'' બનાવ બાબતે તેમના બનેવી જેસીં ગભાઈ કચરાભાઈ પગી નાઓએ ભિલોડા પો.સ્ટે.માં ફરીયાદ આપેલી.જે ફરીયાદના અનુસંધાને પોલીસે તેમનો જવાબ લીધેલો. કાં.સ.કી.ને તેઓ ઓળખી બતાવે છે. જે આજરોજ નામ.બોર્ડ સમક્ષ હાજર નથી.

બાદમાં કા.સ.કી.ના વિ.વકીલશ્રીએ ફરીયાદીની ઉલટતપાસ લીધેલ છે. તેમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના ગામના ૧૦૦ ઘરોની વસ્તી છે.તેમજ સુભાષભાઈના ખેતરની સામે મંદિર આવેલું છે અને સવાર સાંજ લોકો દર્શન કરવા આવે છે અને મંદિરમાં સવાર સાંજ આરતી થાય છે. તેમજ આરતી સમયે ત્યાં ગામના ઘણાબધા લોકો ભેગા થાય છે. તેમજ મંદિરમાં પુજારી સાવર સાંજ આરતી કરે છે અને સાંજે ઘર જતા રહે છે. સનહેદ જણાવે છે કે, પુજારી એકલા આરીત કરતા હોઈ કોઈ તહેવાર હોય ત્યારે ભાણસો ભેગા થાય છે. તેમજ રઘાભાઈ શવાભાઈ પગી

નાઓ જેસીંગભાઈના કાકાના દિકરા થાય છે. તેમજ હાલનો બનાવ બન્યો તેના બે ત્રણ વર્ષ અગાઉ ફરીયાદી જેસીંગભાઈ દિકરી કંથારીયાના આદિવાસી છોકરા જોડે ભાગી ગયેલી.તેમજ બનાવ બન્યો ત્યારથી જેસીંગભાઈ અને કાં.સ.કી.ના પિતા વચ્ચે બોલચાલનો સંબંધ નથીતેમજ પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલી નથી.તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે. જયારે અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૧૨) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે આંક:૩૫ થી આરતીબેન પંચોલીને તપાસવામાં આવેલા છે જેઓ જણાવેલ કે, મારૂ પિયર ભિલોડા તાલુકાનું મઠ બોલુન્દ્રા ગામે થાય છે. મારા પિતાજીનું નામ જેસિંગભે કચરાભાઇ પગી છે. અમો બે બહેનો અને એક ભાઈ છે. મારાથી નાની બહેનનું નામ દામિની છે. બનાવ સમયે તે ધો.૮ માં બોલુંદ્રા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરેતી હતી. બનાવ સને ૨૦૨૦ મા બનેલો ચોક્કસ તારીખ મને હાલમા યાદ નથી. બનાવ દિવસે હું મારી સાંસરી ટોરડા મુકામે હતી. તે દિવસે મારા પિતા ટોરડા ગામે કામે આવેલ હતા અને તેઓ મારા ઘરે આવેલા. અને તેઓએ મને જણાવેલ કે, તારી મમ્મીનો ફોન આવેલ છે અને તેને મને જણાવેલ છે કે, " સાંજે છ વાગ્યાની આસપાસ ભોગબનનાર ઘરે આવતા મે તેને ખેતરમાં ઘાસ લેવા માટે મોકલેલ. તે દરમિયાન ભોગ બનનાર ચાલતી જતી હતી તે વખતે રાજુભાઈ ખેતરની આગળ અને તેજેશ્વર દાદાના મંદિરના પાછળના ભાગે પોહચતા અમારા ગામનો પિકો સોમાભાઈ મારીવાડ પાછળથી આવેલો અને ભોગ બનનારને પકડી પાડેલ અને તે ભોગ બનનાર સાથે ખેચ તાન કરતો હતો. ત્યાર બાદ ભોગ બનનાર ત્યાથી ભાગી ગયેલ.ત્યાર બાદ હું મારા પિતા સાથે મારા પિયરમાં આવેલ અને ભોગ બનનારને બનાવ બાબતે પુંછતા તેનીએ ઉપર જણાવેલ બનાવ અંગેની હકીકતો અમોને જણાવેલ. બનાવ બાબતે મારા પિતા જેશીંગભાઈ કચરાભાઈ પગી નાઓએ ભિલોડા પો.સ્ટેમા ફરીયાદ આપેલી. જે ફરીયાદના અનુસંધાને પોલીસે મારો જવાબ લિધેલો. કા.સ.કી ને હું ઓળખુ છુ. જે આજ રોજ નામ.બોર્ડ સમક્ષ હાજર નથી. કા.સ.કી ના વિ.વિ.શ્રીને કા.સ.કી ની ઓળખ અંગે તકરાર નથી.ત્યારબાદ ઉલટતપાસ જણાવેલ કે,મને લગ્ન કરે ૫ વર્ષ થયેલ છે. એ વાત ખરી છે કે, રઘાભાઈ મારા કાકા થાય છે. એ વાત નથી કે, રઘાભાઈ અને મારા પિતા જેસિંગભાઈ વચ્ચે તકરાર ચાલે છે. એ વાતની

મને ખબર નથી આ બન્ને વચ્ચે તકરાર ચાલતી હતી ત્યારે કા.સ.કી પિતા પોમાભાઈ નાઓ રઘાભાઇ તરફે હતા. એ વાત નથી કે સોમાભાઇ અને મારા પિતા વચ્ચે બોલવાના સબંધો ન હતા. એ વાત ખરી છે કે બનાવ મે નજરો નજર જોયેલ નથી. એ વાત ખરી નથી કે, મારા પિતા મારા ઘરે આવેલ હોઇ "અને બનાવ બાબતે મને વાત કરેલ હોઈ તેમજ હું મારા પિતાના સાથે મારા પિતાના ઘરે આવેલ હોઇ તેવુ બનેલ નથી.
સવાલ: તેજેશ્વર મંદિર મા સવાર સાંજ આરતી ના સમયે ઘણાબધા લોકો ત્યા ભેગા થાય છે?જવાબ :– તે સમયે મંદિર બનતુ હતુ.

એ વાત ખરી નથી કે, મંદિરની આગળ રસ્તો આવેલ છે. સાહેદ જણાવે છે કે પગવાટ આવેલ છે. એ વાત ખરી છે કે મંદિરની આજુબાજુ ઘણાબધા ખેતરો આવેલ છે. એ વાત ખરી નથી કે આ ખેતરોમા ઢોરો બાંધેલા હોઇ છે. એ વાતની મને ખબર નથી કે, આ ખેતરોમા લોકો ઢોરોનું દુધ કાઢવા સવાર સાંજ આવે છે અને ખેતરમા સવાર સાંજ કામ કરતા હોઇ છે. એ વાત ખરી નથી કે, ભોગબનનારે બનાવ બાબતે જણાવેલ હોવાની હકીકત હું ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે, પોલીસે મારી કોઇ પુંછપરછ કરેલી નથી. એ વાત ખરી નથી જેસિંગભાઇ મારા પિતા થતા હોઇ તેઓની ફરીયાદને સમર્થન કરવા આજ રોજ સોગંદ પર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે, સરતપાસમાં જણાવેલ હકીકતો સોગંદ પર ખોટી જણાવુ છુ.

**(૧૩)** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે આંક:૩૯ થી બાબુભાઈ ધુળાભાઈ મારીવાડને તપાસવામાં આવેલા છે જેઓ જણાવેલ કે, ફરીયાદી જેસિંગભાઈ મારા ભાણેજ જમાઈ થાય છે.ફરીયાદ વાળો બનાવ તા.૧૮/૦૨/૨૦૨૦ના રોજ મઠ ગામની સિમમા જેસિંગભાઇ જે જમીન ભાગમાં વાવે છે. તે જગ્યાએબનેલો. આ બનાવ સાંજના સમયે સુરજ ડુબતા પેહલા બનેલો બનાવ સમયે હુ કડીયા કામે ગયેલો અને સાંજે ઘરે આવતા મને જાણ થયેલી અને ગામના લોકો જેસિંગભાઈના ઘરે જતા હોય અને હુ તેમના જોડે જેસિંગભાઈના ઘરે ગયેલો, ત્યારે વાતોવાત થી જાણવા મળ્યુ અને મારી ભાણી જે ભોગ બનનાર છે એને મને જણાવેલ કે હુ ખેતરમા ઘાસ લેવા જતી હતી ત્યારે આપડા ગામનો છોકરો આ કામનો કા.સ.કીએ મને ખેતરમાં પાછળ પડી દોડાદોડ કરાવેલી. આ દોડાદોડ કેમ કરાવેલી તે વિષે હુ કઈ જાણતો નથી. હુ મારા ભાણેજ જમાઇ સાથે તથા પ્રતાપભાઈ તથા ભોગ બનનાર સાથે ગયેલા. તે વખતે પોલીસે ફરીયાદ લિધેલી અને મારી પુપરછ કરેલી. કા.સ.કી ને જોયે ઓળખુ છુ. જે આજરોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર નથી. કા.સ.કીના વિ.વ.શ્રીને કા.સ.કીની ઓળખ અંગે તકરાર નથી.ત્યારબાદ ઉલટતપાસ જણાવેલ કે,એ વાત ખરી છે કે સુભાશભાઈ ગોસ્વામી ના ખેતરના બાજુ મા મહાદેવજીનુ મંદિર આવેલ છે. એ વાત ખરી છે કે આ મંદિરે સવાર સાંજ લોકો દર્શન કરવા આવતા હોય છે એ વાત ખરી નથી કે તે સમયે આરતી થતી નથી કારણ કે મંદિરની પ્રથીષ્ઠા ત્રણ વર્ષ પહેલા કરેલ છે. એ વાત ની મને ખબર નથી કે મારા ભાણેજ જમાઇ જેસિંગભાઈ તથા સોમાભાઈ વચ્ચે જુની અદાવત હતી કે કેમ ? અને સામે સામે કેસ પણ થયેલ કે કેમ તેની ખબર નથી. એ વાત ખરી છે કે મુકેશભાઈ જિવાભાઈ મારીવાડ આ કામના ફરિયાદીના કુટુબી થાય છે. એ વાત ખરી છે કે સુભાસભાઈ ગોસ્વામીના ખેતરની આજુબાજુમાં ઘણા બધા ખેતરો આવેલ છે. એ વાતની મને ખબર નથી કે ખેતરોમા ઓરડીઓ અને વાડો

આવેલ છે કે કેમ? એવાત ખરી નથી કે સુભાષભાઈના ખેતરને અડીને રસ્તો આવેલ છે. સાહેદ સ્વેછાય જણાવે છે કે રસ્તો ખેતરથી થોડો દુર આવેલ છે અને અવર જવર રહે છે. એ વાત ખરી છે કે બનાવની જાણ મને વાતો વાત થિ જાણવા મળેલ છે. એ વાત ખરી છે કે હુ ફરીયાદી સાથે પોલીસ સ્ટેશન ગયેલ તે પછી હુ ફરીથી પોલીસ સ્ટેશન ગયેલ નથી કે પોલીસ મારી પાસે આવેલ તેવુ બનેલ નથી.એ વાત ખરી છે કે પોલીસે ફક્ત ફરીયાદીની પુછ પરછ કરેલ. એ વાત ખરી નથી કે, સરતપાસમાં જણાવેલ હકીકતો સોગંદ પર ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા ભાણેજ થતા હોય આજ રોજ સોગંદ પર ખોટી જુબાનિ આપુ છુ.

**(૧૪)**ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે આંક–૪૦ થી સા.પ્રતાપભાઈ જેઠાભાઈ પગીને સોગંદ ઉપર મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા છે જેઓ જણાવેલ કે, ફરીયાદી જેસિંગભાઈ મારા કુટુબી ભાઈ થાય છે.ફરીયાદ વાળો બનાવ આજ થી છ વર્ષ અગાઉ બનેલો. બનાવ મઠ ગામની સિમમા જેસિંગભાઈ જે જમીન ભાગમા વાવે છે. તે જગ્યાએબનેલો. આ બનાવ સાંજના સમયે ચાર વાગે બનેલો હતો. બનાવ સમયે હુ મારા ખેતરમાંથી ઘરે જતો હતો તે વખતે એક છોકરો કાસ.કીનાઓ ફુલ પિધેલી હાલતમા હતો તેણે ભોગ બનનારને ખેતરમા દોડાવેલ અને તેનો હાથ પકડી લિધેલ. જેથી આજુબાજુ માથી પસાર થતા માણસો આવી જતા કા.સ..કિ ભાગી ગયેલો. ત્યારબાદ બધા લોકો ભેગા થતા ભોગ બનનારના ઘરના લોકોને જાણ થતા તેઓ જેસિંગભાઈના ખેતરમા આવી ગયેલા અને ભોગ બનનારને ઘરે લઈ જતા રહેલા. ત્યારબાદ બનાવ સબંધે જેસિંગભાઈનાઓ સાથે હુ પોલીસ સ્ટેશને ગયેલો અને બનાવ બાબતે પોલીસે મારો જવાબ લિધેલ. કા.સ.કી ને જોયે ઓળખુ છુ. જે આજરોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર નથી. કા.સ.કીના વિ.વ.શ્રીને કા.સ.કીની ઓળખ અંગે તકરાર નથી. ત્યારબાદ ઉલટતપાસ જણાવેલ કે,કા.સ.કી.તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એ. બી. સોની ધ્વારાએ વાત ખરી છે કે આ કામના ફરીયાદી જેસિંગભાઈ તથા મુકેશભાઈ તથા બાબુભાઈ વગેરેના મારા સબંધીઓ થાય છે. એ વાત ખરી છે કે સુભાશભાઈ ગોસ્વામી ના ખેતરના બાજુ મા મહાદેવજીનુ મંદિર આવેલ છે. એ વાત ખરી છે કે આ મંદિરે સવાર સાંજ લોકો દર્શન કરવા આવતા હોય છે. એ વાત ખરી નથી કે તે સમયે આરતી થતી હોય છે. એ વાત ખરી છે કે મંદિર ને અડીને જાહેર રસ્તો આવેલ છે. એ વાત ખરી છે કે ખેતરોમા ઓરડીઓ અને વાડો આવેલ છે.એ વાત ખરી નથી કે જેસિંગભાઈ સાથે પોલીસ સ્ટેશન ગયેલ. એ વાત ખરી નથી કે પોલીસે મારી જોડે પુછ પરચ કરેલ નથી. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશન ગયેલ તે પછી હુ ફરીથી પોલીસ સ્ટેશન ગયેલ નથી. કે પોલીસ પણ મારી જોડે આવેલ નથી. એ વાત ખરી છે કે પોલીસ રુબરુ ના નિવેદનમા હુ કડિયા કામ કરુ છુ તથા હુ મારા ખેતર માથી ઘરે ગયેલ તથા કાસ.કી પિધેલ હાલતમા હોય તથાકાસ.કી ભગબનારને ખેતરમા દોડાવેલી અને આજુબાજુના માણસો આવી જતા કા.સ.કી ભાગિ ગયેલો તેવુ લખાવેલ નથી. એ વાત ખરી છે કે ભોગ બનનારના ઘર વાળા સ્થળ અપર આવેલા અને ભોગ બનનારને તેઓને ઘરે લઈ ગયેલાની હકીકત મે લખાવેલ નથી.એ વાત ખરી નથી કે જેસિંગભાઇ તથા કાસ.કીના વાલી વચ્ચે અગાઉ થી ઝગડા ચાલે છે. એ વાતની મને ખબર નથી કે જેસિંગભાઈ તથા કાસ.કિના વાલી વચ્ચે અગાઉ પણ કેસ થયેલ કે કેમ ?. એ વાત ખરી છે કે રગાભાઈ સિવાભાઈ હું ઓળખુ છુ જે જેસિંગભાઈ ના કુટુબી સગા થાય છે. એ વાત મને ખબર નથી કે જેસિંગભાઈ તથા રગાભાઈ વચ્ચે કેસો ચાલે છે કે કેમ ? એ વાત ખરી નથી કે, સરતપાસમાં જણાવેલ હકીકતો સોગંદ પર ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા સગા થતા હોય તેમના સમર્થનમા આજ રોજ સોગંદ પર ખોટી જુબાનિ આપુ છુ.

**(૧૫)** ત્યારબાદ ફરીયાદ પક્ષે ત.ક.અ.એસ.એન.પટેલને આંક: ૪૩ થી તપાસવામાં આવેલા છે જેઓ જણાવેલ કે, સને ૨૦૨૦ના વર્ષમા મોડાસા ટાઉનમાં ફરજ બજાવતા હતા. તે દરમ્યાન અમારી બદલી સી.પીઆઈ તરીકે ભિલોડા ખાતે થતા સદર ગુંહાની વધુ તપાસ મે કરેલી. મે સદર કેસમા કા.સ.કીને ડિટેઈન કરેલો અને કા.સ.કીનુ નિવેદન લિધેલુ.આ કામના ભોગબનનાર નુ સી.આર.પી.સી ૧૬૪નુ નિવેદન લેવડાવેલું. તેમજ ભોગબનનારનું મેડિકલ પેપર કલેક્ટ કરેલ. અને આ કામના કા.સ.કી વિરુધ પુરતા પુરાવા હોવાથી ચાર્જશિટ કરેલુ. સદર કેસમા અગાઉના આઇ.ઓ એમ.જી વસાવા પો.ઈ એ આ ગુના ના કામે ભોગબનનારનુ નિવેદન તથા ગુના વાળી જગ્યાનું પંચનામુ તેમજ ભોગબનનારનું જન્મનો દાખલો કલેક્ટ કરેલો.ત્યારબાદ ઉલટતપાસ જણાવેલ કે,એ વાત ખરી છે કે અમો સુભાષગીરી ગોસ્વામીનુ નિવેદન લિધેલ નથી. એ વાત ખરી છે કે સુભાષગીરી ગોસ્વામીએ આ કામના ફરીયાદીને ખેતર ગિરવી આપેલ હોય તે મારી તપાસમા ખુલેલ નથી. એ વાત ખરી છે કે તપાસમા કામે મે ફરીયાદ વાંચેલી. એ વાત ખરી છે કે હુ બનાવ વાળી જગ્યાએ ગયેલ નથી. એ વાત ખરી નથી કે કા.સ.કી ને પુરતો પુરાવો ન હોવા છતા ખોટો વર્તુણક અહેવાલ રજુ કરેલ.

(૧૬) ત.ક.અ.એમ.જી.વસાવાને આંક:૪૪ થી મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા છે જેઓ જણાવે છે કે, સને ૨૦૨૦મા અમો ભિલોડા પો.સ્ટે ખાતે સર્કલ પો.ઈ. ફરજ બજાવતા હતા. તે દરમિયાન ફરીયાદીએ ઈ.પીકો કલમ ૩૫૪ (એ) તથા પોક્સો એક્ટની કલમ –૧૨ મુજબ ફરીયાદ નોંધાવેલી. એ ફરીયાદના અનુસંધાનમા આ ગુનાની તપાસ અમોએ સંભાળેલી. ગુનાવાળી જગ્યાનું પંચનામુ તેમજ સાક્ષીઓના નિવેદનો લિધેલ અન કા.સ.કીની નાઓના વિરુધમા ધોરણસરની કાર્યવાહી કરી નામદાર બોર્ડમાં વર્તુણક અહેવાલ મારી બદલી થઈ ગયેલ હોય સુનીલભાઈ નાગરભાઈનાઓએ કરેલી. મે ભોગ બનનારના તથા કા.સ.કીના ઉંમર બાબતાના દાખલા કલેક્ટ આપવામા આવે છે. કરેલ તેમજ ભોગ બનનારના ઈજા બાબતનુ સર્ટિફિકેટ પણ મેળવેલ જેને અનુક્રમે દાખલ આંક..૪૭.. આપવામાં આવે છે. તેમજ ભોગબનનારનુ સી.આર.પી.સી કલમ ૧૬૪ મુજબનુ નિવેદન લેવડાવામાં આવેલ. કા.સકીને જોયેથી ઓળખી શકુ છુ . જે આજ રોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર છે.ત્યારબાદ ઉલટતપાસ જણાવેલ કે,એ વાત ખરી નથી કે ભોગ બનનારના જન્મ ના પુરાવાની કોઇ ખરાઈ કરાવેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદના અનુરૂપ સાહેદોના નિવેદનો નોંધી લિધેલા . એ વાત ખરિ નથી કે પંચોના લખાવ્યા મુજબના લખેલ નહી. એ વાત ખરી નથી કે કા.સ.કી ને પુરતો પુરાવો ન હોવા છતા ખોટો વર્તુણક અહેવાલ રજુ કરેલ.

આમ,સદર સાહેદનો ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને વંચાણે લઈએ તો તેઓએ પોતાની સરતપાસમાં કાસકીએ ભોગ બનનાર સાથે કોઈપણ વ્યકિતને ધકકો મારવામાં આવે તો તેને ઈજા થાય. તેમજ તેમની દીકરીને ઈજા થયેલ નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે,તેમની દીકરીને પાણીમાં પાડી દીધેલ હતી. તેમના ગામની જમીન પથરાળ છે.તેમજ તેમને બનાવ નજરે જોયેલ નથી. બનાવ સમયે તેઓ ઘરે હતા.તેમજ સદર સાહેદની ઉલટતપાસ જોતાં કા.સ.કી. બનાવ કઈ તારીખે અને બનાવમા શુ બનેલ તેની મને જાત માહિતી નથી તેમજ કા.સ.કી.ને તેઓ ઓળખી બતાવે છે. તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.આમ, સદર સાહેદ પોતાના પોલીસ રુબરુનન નિવેદનની હકીકતોથી વીપરીત એટલ ે કે વીરોધાભાસી જુબાની આપેલ છે અને ફરીયાદપક્ષની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતો પુરાવો આપતા નથી.આમ,સદર સાહેદનો પુરાવો પણ માનવાલાયક જણાઈ આવતો નથી.

આમ,ઉપરોકત તમામ સાહેદો પોતાના પોલીસ રુબરુના જવાબની હકીકતોથી વીપરીત એટલે કે વીરોધાભાસી જુબાનીઓ આપેલ છે અને ફરીયાદ પક્ષની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતો પુરાવો આપતા નથી.આમ,ઉપરોત તમામ સાહેદોનો પુરાવો પણ માનવાલાયક જણાઈ આવતો નથી.

(૧૭) વધુમાં ફરીયાદ પક્ષે આંક:૪૫ થી ભોગ બનનારનો જન્મનો દાખલો તેમજ આંક: ૪૬ થી હાઈસ્કુલનું એલ.સી. તેમજ આક: ૪૭ થી ભોગ બનનારનું મેડીકલ સર્ટીફીકેટ દસ્તાવેજી પુરાવામાં રજૂ કરેલ છે.પરંતુ ફરીયાદ પક્ષે ઉપરોકત રજુ થયેલ ર્ડાકટર કે મેડીકલ ઓફીસરને મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા ન હોય ઉપરોકત રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટોમાંની હકીકતો ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં ઉપરોકત ભોગ બનનાર તથા અન્ય સાહેદો ના પુરાવામાં

પણ સદર રજુ કરેલ દસ્તાવેજોમાંની કોઈપણ હકીકતો રજુ થતી ન હોઈ રજુ થયેલ દસ્તાવેજો પુરવાર થયેલ ગણાય નહી.

આમ,સદર કામે આ સિવાય અન્ય કોઈ સાહેદને મૌખીક પુરાવામાં તપાસેલા નથી.

(૧૮) આ કામના કાં.સ.કી. વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૩૫૪–એ મુજબના ગુનાનો આક્ષેપ છે જેની નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

IPC SECTION-354-A Sexual harassment.-(1) A man committing any of the following acts-

(i) physical contact and advances involving unwelcome and explicit sexual overtures; or

(ii) a demand or request for sexual favours or

(iii) showing pornography against the will of a woman, or.

(iv) making sexually coloured remarks, shall be guilty of the offence of sexual harassment.

(2) Any man who commits the offence specified in clause (i) or clause (ii) or clause (iii) of sub-section (1) shall be punished with rigorous imprisonment for a term which may extend to three years, or with fine, or with both.

(3) Any man who commits the offence specified in clause (iv) of sub-section (1) shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine, or with both.

આ કામનુ રેકર્ડ જોતાં આ કામના કાં.સ.કી. વિરૂધ્ધ આક્ષેપ છે કે તેઓ આ કામના ભોગબનનારને બનાવના દીવસે બનાવના સમયે બનાવવાળી જગ્યાએ આબરૂ લેવાના ઈરાદે નીચે પાડી દીધેલ.આ બાબતે ફરીયાદીની જુબાની તથા ફરીયાદ જોતાં જણાઈ આવે છે કે બનાવના દીવસે તેમને તેમની પત્ની ફોન કરીને જણાવેલ કે ભોગબનનાર ચીકુડી વાઢવા ખેતર ગયેલ ત્યારે કાં.સ.કી. ભોગબનનારને પકડીને તેઓના ખેતરમાં નીચે પાડી આબરૂ લેવાના ઈરાદે છેડતી કરેલ.તેનાથી છુટાઈને ભોગબનનાર જતી રહેલ અને રસ્તામાં મુકેશભાઈ પાસે જતી રહેલ જેઓ ભોગબનનારને ઘરે લઈને આવેલ.સદર હકીકત વિરૂધ્ધ કોઈપણ હકીકત ઉલટતપાસ દરમ્યાન લાવવામાં આવેલ નથી કે બનાવના દીવસે ભોગબનનાર ચીકડુ વાઢવા

ખેતર ગયેલ નથી.જેથી ફરીયાદીની જુબાનીથી કા.સ.કી. ભોગબનનારની સાથે છેડતી કરેલ હોવાનુ સાબીત થાય છે.તેમજ ભોગબનનારના માતાની જુબાની જોતાં પણ તેઓ સદર હકીકત સ્વીકાર કરેલ.જયારે સદર હકીકત વિરૂધ્ધ કોઈપણ હકીકત ઉલટતપાસ દરમ્યાન લાવવામાં આવેલ નથી કે બનાવના દીવસે ભોગબનનાર ચીકડુ વાઢવા ખેતર ગયેલ નથી.જેથી ફરીયાદીની જુબાનીથી કા.સ.કી. ભોગબનનારની સાથે છેડતી કરેલ હોવાનુ સાબીત થાય છે.

આ બાબતે ભોગબનનારની જુબાની જોતાં તેઓએ જણાવેલ કે, '' તેઓ ખેતર તરફ એકલી જતી હતી. તે દરમિયાન તેમના ગામના સુભાષભાઈ ગૌસ્વામીના ઘઉંના વાવેતર વાળા ખેતર પાસેથી જતી હતી તે દરમિયાન તેમના ગામનો મારીવાડ વિપુલભાઇ સોમાભાઇ જેનુ બીજુ નામ પીકેશ છે. તે પાછળથી અવેલો અને તેમને પકડી પાડી ઘઉંના ખેતરમા નિચે પાડી દિધેલ અને તેમને ગળાના ભાગે તેને પકડેલ હતી. ત્યાર બાદ તેમને તેમના થી બનતો પ્રયત્ન કરી તેનાથી છટકીને તેમના મમ્મિના મામાના દિકરા મુકેશભાઇ જીવાભાઇ મારીવાડ નાઓ આવતા હોઈ તેઓ તેમની પાસે જતી રહેલ. આ મુકેશભાઇ નાઓએ તેમને ઘરે મુકવા માટે આવેલા અને ઘરે ગયા બાદ તેમના પપ્પાને ફોન કરીને તેમના ઘરે બોલાવેલા.''જોતાં ઉલટતપાસ દરમ્યાન બનાવવાળી જગ્યા બાબતે પ્રશ્ન પુછવામાં આવેલ તેમજ નાના મોટા કોન્ટ્રાડીકસન લાવવામાં આવેલ.પરંતુ કયાંય પણ ભોગબનનાર સાથે જે બનાવ બનેલ તે બાબતની કોઈપણ હકીકત લાવવામાં આવેલ નથી.જેથી ભોગબનનારની જુબાનીથી પણ પુરવાર થાય છે કે આ કામના કા.સ.કી. બનાવના દીવસે બનાવવાળી જગ્યાએ ભોગબનનારને નીચે પાડી દઈ તેમની સાથે છેડતી કરવાનો પ્રયત્ન કરેલ તેમજ ભોગબનનારે સી.આર.પી.સી. કલમ–૧૬૪ નુ જે નિવેદન આપેલ તે જોતાં પણ બનાવના દીવસે બનાવવાળી જગ્યાએ બનાવના સમયે કાં.સ.કી. ભોગબનનાર પાછળ આવી તેમની ગળુ પકડી લીધેલ અને કપડા કાઢવાની કોશીષ કરેલ પછી ભોગબનનારને કાં.સ.કી.ના હાથમાંથી છુટી ભોગબનનારના મમ્મી ના મામાનો છોકરો આવેલ હોય તેની સાથે ઘરે જતી રહેલ.જે નિવેદન જોતાં પણ કાં.સ.કી. ભોગબનનાર સાથે છેડતી કરેલ હોવાનુ પુરવાર થાય છે.તેમજ સૌથી અગત્યના સાહેદ મુકેશભાઈની જુબાની જોતાં બનાવ સને ૨૦૨૦ મા બનેલો ચોક્કસ તારીખ મને હાલમા યાદ નથી/બનાવ દિવસે હું સાંજે છ વાગે મારા ખેતરમાંથી દુધ ભરવા માટે ડેરી તરફ જતો હતો. તે દરમિયાન ભોગ બનનાર રસ્તામા ઉભી હતી અને રડતી હતી. તે સમયે ભોગ બનનારે મને તેના ઘરે મુકવા જણાવતા હું તેને તેના ઘરે મુકવા માટે ગયેલો. ઘરે ગયા બાદ ભોગ બનનારે અમોને જણાવેલ કે, " હું ચીકુડી વાઢવા માટે ખેતરે ગયેલ. તે દરમિયાન આપડા ગામના સુભાષભાઈ ગોસ્વામીના ખેતર નજીક જતી હતી તે વખતે આપડા ગામનો વિપુલ સોમાભાઇ મારીવાડ જેનુ બિજુ નામ ટિકો છે તે આવેલો અને આ છોકરો મને હેરાન કરતો હતો. અને મને ખેચતો હતો જેથી હું છટકીને રસ્તા ઉપર આવી ગયેલી."જયારે ઉલટતપાસમાં નાના મોટા વિરોધાભાસ સિવાય ફરીયાદ વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી.જેથી ઈ.પી.કો. કલમ–૩૫૪–એ મુજબના આવશ્યક તત્વો

પુરવાર કરવામાં ફરીયાદ પક્ષે સફળ નીકળેલ છે તેવુ અત્રેની અદાલતનુ નમ્રપણે માનવુ છે. તેવા સંજોગોમાં કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકને ઈ.પી.કો. કલમ–૩૫૪–એ અન્વયે તકસીરવાન હોવાનું ફરીયાદ પક્ષે યોગ્ય અને ગ્રાહય પુરાવાથી સાબિત કરેલ છે તેવું આ અદાલતનું નમ્રપણે માનવું છે તેથી ઉકત મુદ્દા નં. ૧ નો નિર્ણય તે મુજબ હકારાત્મક ઠરાવું છું.

**(૧૯) આમ,** ઉપરોકત તમામ પુરાવા તથા પુરાવાનાં મુલ્યાંકન મુજબ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને ઈ.પી.કો. કલમ–૩૫૪–એ તેમજ પોકસો એકટમાં કલમ–૪૨ માં વૈકિલ્પક શીર્ષક અંગેની જોગવાઈઓ કરવામાં આવેલ છે અને તેમાં ભારતીય ફોજદારી ધારા તથા પોકસો એકટ અન્વયેના ગુના એક જ પ્રકારના હોઈ અને ગુનાગાર દોષિત જણાય ત્યારે તે શિક્ષાને પાત્ર ઠરતો હોઈ ત્યારે જે કાયદામાં શિક્ષાની જોગવાઈની માત્રા ઉચ્ચતર સ્તરની હોઈ તે મુજબ તેને કડક સજા કરવાની રહે છે પરંતુ હાલના કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકનો કેસ જુવેનાઈલ જસ્ટિશ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એકટ–૨૦૧૫ અન્વયે કલમ–૧૮ માં જે બાળક કાયદા સાથે તકરારી જણાય તેના સંબંધમાં હુકમો કરવાની જોગવાઈઓ કરેલ છે.

કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકે અધમ પ્રકારનું કૃત્ય કરેલ અને ફરીયાદ પક્ષે તેઓ ઉંમર વર્ષ–૧૬ માસ–૧૧ (બનાવનાં દિવસે) હતાં તથા હુકમ તારીખના રોજ સદર કાયદાના સં ઘર્ષ માં આવનાર બાળકની ઉંમર આશરે ૨૨ વર્ષની છે. કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક તરફે રજુઆત કરવામાં આવેલ છે કે તેઓ હાલમાં છુટક મજુરીકામ કરે છે તેમજ આ ગુના સિવાય બીજો કોઈ ગુનો કરેલ છે તેમનામાં ઘણો બદલાવ આવેલ અને તેઓને તેમના માતા–પિતા સાથે પુન:સ્થાપન કરવામાં આવે તો કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકનું યોગ્ય પુનઃસ્થાપન થઈ શકે અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક ફરીવાર સામાજિક પ્રવાહમાં ભળી પોતાનું નવું જીવન જીવી શકે તેમ છે અને પોતાની આગળ ની કારકિર્દી વધારી શકે કાં .સ.કી. ને જે સમય નિરીક્ષણ ગૃહમાં પસાર કરવામાં આવેલ છે તેટલો સમય મજરે આપી તેઓને તેઓના વાલી સાથે પુનઃસ્થાપન કરવા વિનંતી કરેલ છે.

સરકાર પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક સામેનો કેસ સચોટ અને સર્મથનકારી પુરાવાઅોથી કરેલ છે જેથી જુવેનાઇલ જસ્ટીશ એકટની કલમ–૧૮ અન્વયે ત્રણ વર્ષ માટે પ્લેસ અોફ સેફટી ખાતે રાખવા જોઈએ અને તેથી તેમાં સુધારો આવી શકે તેમ છે.

બંને પક્ષોની રજુઆતો તથા કાયદાના સંઘર્ષમાં આવેલા બાળક સામે પુરવાર થયેલ ગુનો ધ્યાને લેતા કાયદાના સંઘર્ષમા આવેલ બાળક જુવેનાઇલ જસ્ટિસ એક્ટ–૨૦૧૫ ની કલમ–૧૮ અન્વયે સારા વ્યવહાર અને બાળકના ઉછેર માટે ત્રણ વર્ષ કરતાં વધુ ન હોય તેવા કોઈપણ સમયે માટે કોઈ યોગ્ય સંસ્થાની સંભાળ અને નિરીક્ષણ હેઠળ મુકવાનો નિર્દેશ કરી શકાય છે આ બાબતે પ્રોબેશન ઓફીસરની હાલની રીપોર્ટ જોતાં તેઓ કાચુ નળીયાવાળા મકાનમાં રહેતા હોવાનુ તથા આર્થીક પરીસ્થિતિ નબળી હોવાનુ જણાઈ આવે છે. તેમજ આ ઈન્કવાયરી દરમ્યાન તેઓ અન્ય કોઈ ગુનામા સંડોવાયેલ હોય તેવું જણાઈ આવેલ નથી. વધુમા બાળ ન્યાય (બાળકોની કાળજી અને રક્ષંણ) બાબતોનો અધિનિયમ ૨૦૧૫ ની કલમ: ૩(૪)મા જોગવાઈ કરવામા આવે છે કે બાળકના સંબંધમા લેવાતા તમામ નિર્ણયો બાળકના શ્રેષ્ઠ હિતમા હોય તથા બાળકની સંપુર્ણ ક્ષમતા વિકસિત કરવામા મદદરૂપ થાય તેવા પ્રાથમિક અવલોકન ઉપર લેવાના રહેશે. વધુમા આ કામનો ગુનો બનેલ ત્યારે આ કામના બાળકની ઉંમર પણ ૧૬ વર્ષ ૧૧ માસ હતી અને જે તે સમયે કરવામા આવેલ પ્રોબેશન રીપોર્ટ ધ્યાને લેતા ગુના બનવા પાછળનુ કારણ શિક્ષણનો અભાવ કાયદાનું અપુરતુ ગ્નાન હતુ. પ્રોબેશન ઓફિસર દ્ધારા તેઓનું વ્યક્તિગત સંભાળ પાલન કરાવી શકાય છે કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર નો સામાજીક અન્વેષણ અહેવાલ ધ્યાને લેતા બાળકની બનાવ સમયે ઉંમર બનાવ સમયે તેઓ ની માનસિક પરિસ્થિતિ તેમજ બાળકની કૌટુંબિક તથા સામાજિક પૃષ્ઠભૂમિ તથા બાળકની બનાવ સમયે ઉમરનો પ્રભાવ ધ્યાને લેતા બાળકને નિરીક્ષણ ગૃહ માં રાખવાની જરૂર જણાતી ન હોય અને જેથી તેઓનું તેઓને વાલીના કબજામાં પુન સ્થાપન કરવામાં આવે તો તે યોગ્ય અને વાજબી ગણાય અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર મુક્ત થયા બાદ તેઓના ભાવિ ઉજજવળ ભવિષ્ય માટે સમાજના મુખ્ય પ્રવાહમાં ભળી આગળ વધી શકે તે માટે જિલ્લા બાળ સુરક્ષા એકમ તથા પ્રોબેશન ઓફિસર બાળકનું

વ્યક્તિગત સંભાળના યોજના જે તૈયાર કરેલ હશે તે મુજબ તેનું પાલન કરવું તથા બાળકને એક વર્ષ માટે અજમાયશ પર રાખવો જરૂર જણાતું હોય જેથી **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ કામ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧)) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક મગન (જુવેનાઈલની ઓળખ ગુપ્ત રાખવા ડમી નામ આપેલ છે.)ને સંહિતાની કલમ – ૨૫૫(૧) તથા જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ-૧૮ મુજબ કાં.સ.કી. ને ઈ.પી.કો. કલમ-૩૫૪-એ તથા પોકસો કલમ-૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)) સદર કેશનો બનાવ સને ૨૦૨૦ ના વર્ષનો હોય આશરે છ વર્ષ બાદ ઈન્કવાયરીના અંતે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને તકસીરવાન ઠરાવેલ હોય તકસીરવાન અંગે સાંભળવા માટે તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની હાલની પરીસ્થિતિ માટે પ્રોબેશન અધિકારીના રીપોર્ટ મંગાવવા ચાદી કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩)) વધુ હુકમ માટે મુલતવી.

આ હુકમ આજરોજ તારીખ ૧૯ , માહે જુન, સને ૨૦૨૬ નાં રોજ બોર્ડની કાર્યવાહીમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૯/૦૬/૨૦૨૬.

સ્થળ : મોડાસા.

| **સભ્ય** | **સભ્ય** | **(સુરભી આર. શર્મા)** |
|---|---|---|
| જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ,<br>મોડાસા | જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ,<br>મોડાસા. | પ્રમુખ,<br>જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ,<br>મોડાસા.<br>કોડ નં. જીજે-૦૧૫૭૧ |

**-:: વધુ હુકમ ::-**

(૧) ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી આર.એચ.જુરાણીનાંઓએ દલીલ કરી જણાવેલ છે કે, બનાવમાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકે સગીર વયની નાની છોકરી સાથે છેડતીનુ કૃત્ય કરેલ છે.જેથી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને સજા કરવા સેફટી હોમમાં રાખવા રજુઆત કરેલ છે તેમજ વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને સુધાર ગૃહમાં મોકલી સુધરવાની તક આપવી જોઈએ તેમજ આવા ગંભીર પ્રકારના ગુનાનું આચરણ કરેલ હોય મહત્તમ સજા કરવાની વિનંતી કરેલ કે કે જેથી કરી સમાજમાં દાખલો બેસે તેમજ અન્ય માણસોના મનમાં આવા ગંભીર ગુના ન કરવાનો ડર ઉત્પન્ન થાય જેથી કાયદાના સં ઘર્ષમાં આવેલ બાળકને સજા કરવાની વિનંતી કરેલ.

(૨) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકના વાલી તર્ફે વિ. વ. શ્રી જી.એમ.પ્રણામી રજુઆત કરી જણાવેલ છે કે, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની સામે બીજો કોઈ ગુનો નોંધાયેલ નથી, હાલ તેઓ તેમના માતા-પિતા સાથે કાચા મકાન મા રહે છે અને મજુરીકામ કરે છે, જો કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને સુધાર ગૃહમાં મોકલવામાં આવશે તો તેની માનસિક સ્થિતી પર અસર થવાની શકયતા રહેલ છે, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક તેમજ દલીલ કરેલ કે બનાવના આશરે છ વર્ષ બાદ તકસીરવાન ઠરાવેલ હોય પ્રોબેશનનો લાભ આપવા રજુઆત કરેલ છે.

(૩) આ કામે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને ઈન્કવાયરીના અંતે તેની સામેના આક્ષેપો માટે કસુરવાન ઠરાવેલ હોય જુવેનાઈલ જસ્ટીશ એકટની કલમ-૧૮ મુજબ તકસીરવાન ઠરાવી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક વિરૂધ્ધ શું હુકમ કરી શકાય જેની જોગવાઈ ઘ્યાને લેવી જરૂરી હોય જે નીચે મુજબ છે.

**0Section 18. Orders regarding child found to be in conflict with law.**

1. Where a Board is satisfied on inquiry that a child irrespective of age has committed a petty offence, or a serious offence, or a child below the age of sixteen years has committed a heinous offence, then, notwithstanding anything contrary contained in any other law for the time being in force, and based on the nature of offence, specific need for supervision or intervention, circumstances as brought out in the social investigation report and past conduct of the child, the Board may, if it so thinks fit,—

a. allow the child to go home after advice or admonition by following appropriate inquiry and counselling to such child and to his parents or the guardian;

b. direct the child to participate in group counselling and similar activities;

c. order the child to perform community service under the supervision of an organisation or institution, or a specified person, persons or group of persons identified by the Board;

d order the child or parents or the guardian of the child to pay fine:

Provided that, in case the child is working, it may be ensured that the provisions of any labour law for the time being in force are not violated;

e. direct the child to be released on probation of good conduct and placed under the care of any parent, guardian or fit person, on such parent, guardian or fit person executing a bond, with or without surety, as the Board may require, for the good behaviour and child’s well-being for any period not exceeding three years;

f. direct the child to be released on probation of good conduct and placed under the care and supervision of any fit facility for ensuring the good behaviour and child’s well-being for any period not exceeding three years;

g. direct the child to be sent to a special home, for such period, not exceeding three years, as it thinks fit, for providing reformative services including education, skill development, counselling, behaviour modification therapy, and psychiatric support during the period of stay in the special home:

Provided that if the conduct and behaviour of the child has been such that, it would not be in the child’s interest, or in the interest of other children housed in a special home, the Board may send such child to the place of safety.

2. If an order is passed under clauses (a) to (g) of sub-section (1), the Board may, in addition pass orders to—

i. attend school; or

ii. attend a vocational training centre; or

iii. attend a therapeutic centre; or

iv. prohibit the child from visiting, frequenting or appearing at a specified place; or

v. undergo a de-addiction programme.

3. Where the Board after preliminary assessment under section 15 pass an order that there is a need for trial of the said child as an

adult, then the Board may order transfer of the trial of the case to the Children’s Court having jurisdiction to try such offences.

આ કામે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની બનાવ સમયે ઉંમર ૧૬ વર્ષ ૧૧ માસ તથા હતી જયારે ભોગ બનનારની ઉંમર ૧૩ વર્ષ ૧ માસ ની હતી, બનાવ તારીખ જોતા તા.૨૫/૦૨/૨૦૨૦ નાં રોજ બનાવ બનેલ છે બનાવના આશરે છ વર્ષ બાદ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને તકસીરવાન ઠરાવેલ હોય ન્યાયના હિતમાં ન્યાયીક નિર્ણય માટે પ્રોબેશન ઓફીસરશ્રીનો હાલની કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની પરીસ્થિતિ અંગેનો સામાજીક તપાસનો અહેવાલ મંગાવવામાં આવેલ છે જે વંચાણે લેતાં ભુતકાળમાં કુટુંબના કોઈ સભ્યોનો ગુનાહિત ઈતિહાસ નથી તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની આર્થિક અને સામાજીક પરીસ્થિતી સામાન્ય છે, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક હાલ મજુરી કામ કરે છે. કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકનો આ કેસ અગાઉ કોઈ ભુતકાળ ન હોવાનું તેમજ શારિરીક તથા માનસિક રીતે સ્વસ્થ હોવાનું જણાવેલ છે. આ બનાવ બાબતે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક ને પુછતા તેઓએ જણાવેલ કે, જે તે સમયે હું નાનો હતો.મે કાંઈ કરેલ નથી.હાલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક અભ્યાસ કરતા હોવાનું જણાવેલ નથી તેમજ હાલના બનાવબાદ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક અન્ય કોઈ કાયદાના સંઘર્ષમાં આવેલ નથી, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક સામેનો આક્ષેપ તથા કૃત્યનું સ્વરૂપ ધ્યાને લેતાં તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકના ભવિષ્યને ધ્યાને લેતા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને પ્રોબેશન ઉપર છોડવા માટેના વ્યાજબી અને પુરતા કારણો જણાય આવે છે તેમજ તેના કૃત્યનું સ્વરૂપ જોતાં તેને સુધારણા માટે ઓબ્ઝર્વેશન હોમ/સેફ્ટી હોમમાં રાખવો ઉચિત તથા ન્યાયી જણાય આવતુ નથી. વધુમાં તપાસ દરમ્યાન કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકનાં જન્મ અંગેના પ્રમાણપત્રો રજુ થયેલ છે તેમાં જણાવ્યા મુજબ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની બનાવ સમયે ઉંમર ૧૬ વર્ષ ૧૧ માસ હોય જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૧૮ માં જણાવ્યા મુજબ મહત્તમ ૩ (ત્રણ) વર્ષ માટે કાયદાના સંઘર્ષમાં આવેલ

બાળકને સેફટી હોમમાં રાખવા માટે પુરતા કારણ નથી અને વ્યાજબી સમય માટે તેને ઓબ્ઝર્વેશન હોમ/સેફટી હોમમાં રાખવા માટે ઉચિત તથા ન્યાયી જણાય આવતુ નથી તેમજ બોર્ડના સભ્યોનું પણ તેવુ માનવુ છે જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક મગન (જુવેનાઇલની ઓળખ ગુપ્ત રાખવા ડમી નામ આપેલ છે.)ને સંહિતાની કલમ – ૨૫૫(૧) તથા જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૧૮ મુજબ કાં.સ.કી. ને ઈ.પી.કો. કલમ–૩૫૪–એ તથા પોકસો કલમ–૧૨ મુજબના ગુનાની તપાસ સાબિત માની જુવેનાઈલ જસ્ટીસ (પ્રોટેકશન એન્ડ કેર) એક્ટની કલમ–૧૮ મુજબ નીચે મુજબના હુકમો કરવામાં આવે છે.

**(૧)** આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકના વાલી ને રુા. ૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર) પુરાનો દંડ કરવામાં આવે છે અને આ દંડની રકમ બાળ કલ્યાણ ફંડમાં જમા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકના કોઈના પણ વાલી દંડની રકમ ન ભરે તો આગળના હુકમ માટે રાખવુ તથા ઠપકો તથા સલાહ આપી એક વર્ષના પ્રોબેશન પર વાલીને સોંપવામાં આવે છે.

**(૨)** કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને આજબાદ તેમની વર્તણુંક અને અન્ય કોઈ ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલ છે કે કેમ ? તે અંગે એક વર્ષમાં બે છ માસિક રિપોર્ટ લિગલ પ્રોબેશન ઓફિસર અને પ્રોબેશન અધિકારીશ્રીએ કરવો.

**(૩)** કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક અને વાલી જે એરીયામાં રહેઠાણ ધરાવતા હોય તે વિસ્તારનું પોલીસ સ્ટેશનનાં બાળ કલ્યાણ અધિકારીએ તેની વર્તણુંક અને વર્તમાન પરિસ્થિતી પ્રવૃતિનો સંપુર્ણ રિપોર્ટ એક વર્ષમાં છ માસીક બે રિપોર્ટ બોર્ડ સમક્ષ રજુ કરવાં.

(૪) જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ – ૨૪ અન્વયે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક વિરૂધ્ધ હાલની દોષ સિધ્ધી સાથે સંકળાયેલા ગેરલાયકાત અંગે રેકર્ડ ઓફ કન્વીકશન અપીલ સમય બાદ દૂર કરવા.

(૫) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકો તરફથી કરી આપેલ જાત મુચરકા અને જામીનદારોએ કરી આપેલ જામીનખત રદ્દ કરવામા આવતા નથી પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે તે રીતે છ માસ માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે જાત–મુચરકા અને જામીનખત ચાલુ રાખવામાં આવે છે.

(૬) મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આ હુકમની જાણ હુકમના પાલન માટે જિલ્લા બાળ સુરક્ષા એકમ, મોડાસા તથા ઓબ્ઝર્વેશન હોમ, મોડાસાનાઓને કરવી.

(૮) આ હુકમની એક નકલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકના વાલીને વિના મુલ્યે પુરી પાડવી.

આ હુકમ આજરોજ તારીખ ૧૯ , માહે જુન, સને ૨૦૨૬ નાં રોજ બોર્ડની કાર્યવાહીમાં

વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૯/૦૬/૨૦૨૬.

સ્થળ : મોડાસા.

| | | |
|---|---|---|
| **સભ્ય** | **સભ્ય** | **(સુરભી આર. શર્મા)** |
| જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ,<br>મોડાસા | જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ,<br>મોડાસા. | પ્રમુખ,<br>જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ,<br>મોડાસા.<br>કોડ નં. જીજે–૦૧૫૭૧ |